મહિલા ફિઝિયો .ને અશ્લીલ વીડિયો મોકલતો મુંબઈનો 'સાયકો 'ઝડપાયો

સુરત સાયબર ક્રાઇમ પોલીસે મુંબઈથી તુષાર વાસકરને ઝડપી પાડ્યો;

ગૂગલ અને સોશિયલ મીડિયા પરથી મહિલા ડોક્ટરોના નંબર મેળવી વોટ્સએપ પર અશ્લીલ વીડિયો-ફોટા મોકલી હેરાન કરતો

સુરતઃ ઓનલાઇન ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટ લેવાના બહાને સુરતની મહિલા ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટરોનો

સંપર્ક કરી તેમને અશ્લીલ વીડિયો અને ફોટોગ્રાફ્સ મોકલી હેરાન કરનાર મુંબઈના વિકૃત ઇસમને સુરત સાયબર ક્રાઇમ પોલીસે મુંબઈથી ઝડપી પાડ્યો છે. આરોપી ગૂગલ અને સોશિયલ મીડિયા પરથી મહિલા ફિઝિયોથેરાપિસ્ટોના મોબાઇલ નંબર મેળવી વોટ્સએપ મારફતે ઓનલાઇન સારવારના નામે અશ્લીલ હરકતો કરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ગત ૨૪ જુલાઈના રોજ સુરતની એક મહિલા ફિઝિયોથેરાપિસ્ટને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે ગૂગલ પરથી નંબર મેળવ્યો હોવાનું જણાવી ઓનલાઇન ફિઝિયોથેરાપી સારવાર લેવાની વાત કરી હતી. ત્યારબાદ તેણે પોતે બનાવેલો બિભત્સ વીડિયો મહિલા ડોક્ટરને મોકલ્યો હતો. ડોક્ટરે તાત્કાલિક સારવાર આપવાનો ઇનકાર કરી પુરુષ ફિઝિયોથેરાપિસ્ટ પાસે સારવાર લેવા જણાવ્યું હતું. જોકે, આરોપીએ મહિલા ડોક્ટરને અશ્લીલ ફોટોગ્રાફ્સ મોકલવાનું ચાલુ રાખ્યું હતું અને ઓનલાઇન ફિઝિયોથેરાપી માટે દબાણ કરતો રહ્યો હતો.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી માત્ર એક મહિલા ડોક્ટર નહીં પરંતુ સુરતની અન્ય કેટલીક મહિલા ફિઝિયોથેરાપિસ્ટોને પણ સોશિયલ મીડિયા અને વોટ્સએપના માધ્યમથી ઓનલાઇન ફિઝિયોથેરાપી તથા પર્સનલ કાઉન્સેલિંગના નામે સંપર્ક કરતો હતો અને ત્યારબાદ અશ્લીલ વીડિયો તથા ફોટા મોકલી પરેશાન કરતો હતો. આરોપી મુંબઈમાં હોવાની હકીકત સામે આવતા સાયબર ક્રાઇમની ટીમે મહારાષ્ટ્રમાં દરોડો પાડી તુષાર મેઘનાથ વાસકર (ઉ.વ. ૩૦, રહે. સી-૧૧૦, સિદ્ધિવિનાયક હોમ્સ, સેક્ટર-૧૯, નવી મુંબઈ, મૂળ સાનપાડા, નવી મુંબઈ)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસ તપાસમાં આરોપી ધોરણ-૭ સુધી અભ્યાસ કરેલો હોવાનું અને જમીન-મકાનની દલાલીનું કામ કરતો હોવાનું બહાર આવ્યું છે. તેના પિતા પણ રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આરોપી પિતાની કમાણી પર જીવનશૈલી ગુજારતો અને રોજ દારૂના નશામાં રહેતો હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આરોપી ગૂગલ તથા સોશિયલ મીડિયા પરથી મહિલા ફિઝિયોથેરાપિસ્ટોના મોબાઇલ નંબર શોધી કાઢતો હતો. ત્યારબાદ ઓનલાઇન સારવારની જરૂર હોવાનું જણાવી ફોન કે વોટ્સએપ પર અશ્લીલ વિડીયો મોકલતો હતો.

ડ્રગ પેડલર 'પ્રેસ' લખેલી એક્ટિવા સાથે પકડાયો

ઝોન-૦૭ LCB ટીમે ૧.૪૧ ગ્રામ હેરોઈન કેસમાં વોન્ટેડ પંજાબી યુવકને ઇચ્છાપોર પોલીસને સોંપાયો

સુરત : ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડીપી. એસ. એક્ટના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા-ફરતા મુખ્ય આરોપીને ઝોન-૦૭ એલ.સી.બી.ટીમે અડાજણ સ્થિત સ્ટાર બજાર મોલ સામે બ્રિજ નીચેથી અંગ્રેજીમાં 'PRESS' લખેલી એક્ટિવા સાથે ઝડપી પાડ્યો છે.

ગત તા.૧૧/૦૪/૨૦૨૬ના રોજ ઈચ્છાપોર પોલીસે મોરાગામની બાપા સીતારામ સોસાયટીમાં દરોડો પાડી સરબજીતસિંઘ સડીઓરા નામના ઈસમને ૧.૪૧ ગ્રામ મિક્સ હેરોઈન (કિંમત રૂપિયા ૨૮,૦૦૦) તથા મોબાઈલ મળી કુલ રૂપિયા ૩૮,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પકડાયેલા સરબજીતસિંઘની કડક પૂછપરછ દરમિયાન તેણે આ નશીલો પદાર્થ હરપાલસિંહ ઉર્ફે ભુલ્લર પાસેથી મેળવ્યો હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી. ફરાર આરોપી ભુલ્લર અડાજણ સ્ટાર બજાર મોલ સામે મોટરસાઈકલ પાર્કિંગ પાસે એક્ટિવા લઈને આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી હતી. આરોપી તેની 'PRESS' લખેલી એક્ટિવા (નં. GJ-05-SB-4870) પર આવતાં જ પોલીસે ચારેય તરફથી ઘેરાબંધી કરીને તેને દબોચી લીધો હતો. પોલીસની ગિરફ્તમાં આવેલા આરોપીનું નામ હરપાલસિંહ ઉર્ફે ભુલ્લર બાજસિંગ (ઉ.વ.૩૫, હાલ રહે. ૩૦૩, ગાયત્રી નગર સોસાયટી, હરીનગર પાછળ, ઉધના, સુરત / મૂળ રહે. ધરીયારાગામ, તા. પટ્ટી, જી. તરનતાર, પંજાબ) છે.ઝોન-૦૭ એલ.સી.બી. ટીમે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની તપાસ અર્થે ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

મોબાઈલ ફોનની લૂંટ-હત્યાના પ્રયાસમાં બે આરોપીને શંકાનો લાભ મળ્યો

સુરત : મોબાઈલ ફોનની લૂંટ કરી હત્યાના પ્રયાસમાં બે આરોપીને સેશન્સ કોર્ટે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

તા.૩૦-૩-૨૦૨૧ ના રોજ પાંડેસરા જીઆઈડીસીમાં સંતોષ નામનો યુવક ચાલતો જઈ રહ્યો હતો ત્યારે બે આરોપી અને બાળ કિશોર મોટરસાઈકલ પર ધસી આવી મોબાઈલ ફોન ઝુંટવી લીધો હતો. મોબાઈલ પરત લેવાનો પ્રયાસ કરતાં સંતોષને ચપ્પુના ઘા મારી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

આ કેસની વિજય ઉર્ફે મુન્ના કનોજિયા અને સંગ્રામ ઉર્ફે સંગી મહાપાત્રા સામેની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપી વિજય ઉર્ફે મુન્ના તરફે એડવોકેટ ચેતન પાંડેએ બચાવ કર્યો હતો. બંનેને આરોપી પક્ષની રજુઆત સફળ રહેતા કોર્ટે બંને આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

રામનાથ ઘેલા

કાનની બીમારી માટે જીવતા કરચલા ચડાવવાની આસ્થા ધરાવતું રામનાથ ઘેલા મંદિર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

ઓલપાડ ખાતે આવેલા પ્રાચીન સિદ્ધનાથ મહાદેવ મંદિર સાથે અનેક લોકવાયકાઓ જોડાયેલી છે. સ્થાનિક માન્યતા મુજબ આજથી આશરે ૪૦૦થી ૪૫૦ વર્ષ પહેલાં મંદિરને લૂંટવાના ઈરાદે કેટલાક પિઢારા લોકો અહીં આવ્યા હતા. ત્યારે અચાનક શિવલિંગમાંથી ભમરાઓનું ઝૂંડ નીકળ્યું હતું. ભમરાઓએ હુમલો કરતાં પિઢારા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાથી ગભરાયેલા લોકો શિવલિંગને પગે લાગી ત્યાંથી પરત ફર્યા હોવાનું સ્થાનિકોમાં પ્રચલિત છે. ત્યારથી સિદ્ધનાથ મહાદેવ પ્રત્યે સ્થાનિક શ્રદ્ધાળુઓમાં વિશેષ આસ્થા જોવા મળે છે. મંદિર સાથે જોડાયેલી આ લોકવાયકા આજે પણ પેઢી દર પેઢી લોકોમાં પ્રચલિત છે અને શ્રદ્ધાળુઓ માટે સિદ્ધનાથ મહાદેવની મહિમાનું એક અનોખું ઉદાહરણ બની રહી છે.

મોબાઈલ ફોનની ચીલઝડપ કેસમાં બે આરોપીને સાત વર્ષની કેદ

ચોરીનો મોબાઈલ ખરીદનારને પણ સાત વર્ષની સજા થઈ

સુરતઃ મોબાઈલ ફોનની ચીલઝડપ કરનાર બે આરોપી અને ચોરીનો મોબાઈલ ફોન લેનાર આરોપી સામે ગુનો પુરવાર થતાં સેશન્સ કોર્ટે ત્રણેય આરોપીને સાત વર્ષની સજા ફટકારી હતી.

ફરિયાદી બાલકૃષ્ણ વૃંદાવન પારધી તા. ૨૧/૧૨/૨૦૨૨ના ફોન પર વાત કરતાં જતાં હતાં ત્યારે નંબર વગરની મોપેડ લઈને બે જણા ધસી આવી ફરીયાદીના હાથમાંથી મોબાઈલ ફોન આંચકીને ભાગી ગયા હતા. આ બનાવમાં ડીસીબી પોલીસે બાતમીના આધારે ઉત્કર્ષ ઉપેન્દ્રસિંગ રાજપૂત, મેહુલ શિવશંકર રાયની ધરપકડ કરી હતી. તેમજ ચોરીનો મોબાઈલ ફોન ખરીદનાર અરવિંદ બબન મોર્યાની પણ ધરપકડ કરી ૨૧ મોબાઈલ ફોન કબજે લીધા હતા. આ ત્રણેય આરોપીને સચીન જીઆઈડીસી પોલીસ ને સુપરત કરવામાં આવ્યાં હતાં. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપીઓ સામે સેશન્સ કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી ચાલી હતી. સરકાર પક્ષે એપીપી સંતોષ ગોહિલ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે આરોપી ઉત્કર્ષ અને મેહુલને ૭ વર્ષની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૧૦૦૦નો દંડનો હુકમ કર્યો હતો. તેમજ ચોરીનો મોબાઈલ ફોન ખરીદનાર અરવિંદને પણ ૭ વર્ષ ની સજા અને દંડ ફટકાર્યો હતો.

દારૂ વેચાતો હોવાથી દિલ્હીગેટ બ્રિજ નીચે 'પે એન્ડ પાર્ક'નો ઈજારો રદ

મનપાએ સરપ્રાઇઝ ચેકીંગ કર્યુ ત્યારે બોટલો સગેવગે કરી દેવાઇ

સુરત : સેન્ટ્રલ ઝોનમાં દિલ્હીગેટ ફ્લાયઓવર બ્રિજ નીચે આવેલા પે એન્ડ પાર્કમાં પાર્કિંગની આડમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ફરિયાદો અને દારૂના અડ્ડા ચાલતા હોવાના ફોટા ફરતા થતાં સુરત મહાનગરપાલિકાએ આખરે કડક કાર્યવાહી કરી છે. સ્થાયી સમિતિએ એ.આર. એન્ટરપ્રાઇઝને આપવામાં આવેલા વાર્ષિક રૂપિયા 95,01,888 ના ઈજારાને દફતરે કર્યો છે. નોંધપાત્ર બાબત એ છે કે આ જ ઈજારદાર દ્વારા હાલ આ સ્થળે પે એન્ડ પાર્કનું સંચાલન કરવામાં આવતું હતું. જો કે મોટી વાત એ છે કે, સ્થાયી સમિતિ ચેરમેનને ફરિયાદ મળી હતી અને બ્રિજ નીચેના પે એન્ડ પાર્કમાં દારૂનો અડ્ડો ચાલતો હોવાના ફોટા પણ ફરતા થયા હતા. જો કે મનપાના અધિકારીઓ સરપ્રાઇઝ ચેકીંગ કરવા પહોંચ્યા ત્યારે દારૂની બોટલો સગવગે થઇ જતા ઝોનના તંત્રમાં જ કોઇ ફુટેલુ હોય તેવી પ્રતિતિ થઇ હતી.

ફરિયાદોને ગંભીરતાથી લઈ સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે તાકીદની અસરથી ઈજારો રદ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે જ નવા ઈજારદારને ઈજારો આપવામાં ન આવે ત્યાં સુધી સ્થળે 'ફ્રી પાર્કિંગ' ના બોર્ડ લગાવી વાહનચાલકો પાસેથી પાર્કિંગ ચાર્જ વસુલવામાં ન આવે તે માટે પણ આદેશ આપવામાં આવ્યો છે. દિલ્હીગેટના બનાવથી પે એન્ડ પાર્કની વ્યવસ્થા સામે વધુ એક વખત સવાલો ઊભા થયા છે.

સંક્ષિપ્ત સમાચાર

EEC-2026 અભિયાન 31 ઓક્ટોબર સુધી EPFથી વંચિત કર્મચારીઓને જોડવાની તક

સુરતઃ કર્મચારીઓને સામાજિક સુરક્ષાના દાયરામાં લાવવાના હેતુથી કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) દ્વારા Employees' Enrolment Campaign (EEC) 2026 શરૂ કરવામાં આવ્યું છે. 1 જુલાઈથી શરૂ થયેલું આ અભિયાન 31 ઓક્ટોબર, 2026 સુધી ચાલશે. 1 એપ્રિલ 2009થી 31 માર્ચ 2026 દરમિયાન EPF કવરેજથી વંચિત રહી ગયેલા પાત્ર કર્મચારીઓને આ અભિયાન હેઠળ EPF સાથે જોડવાની તક આપવામાં આવી છે. EPFO સુરતના ક્ષેત્રિય ભવિષ્ય નિધિ આયુક્ત સંજયસિંહ ગુર્જરે સુરત, નવસારી અને તાપીના ઉદ્યોગો, MSME તથા વેપારી સંસ્થાઓને કર્મચારી રેકોર્ડની સમીક્ષા કરી પાત્ર કર્મચારીઓની ઓળખ કરવા અપીલ કરી છે.

1893થી શરુ બી'ક્રીમીની સફર આજે 30 શહેરમાં 70થી વધુ આઉટલેટ સુધી પહોંચી

સુરતઃ સુરતમાં ૧૮૯૩માં ઉજાલા જ્યુસ સેન્ટરથી શરૂ થયેલી બી'ક્રીમીની સફર ઉત્ક્રાંતિ, સ્વાદ અને પરંપરાની રહી છે. ૧૯૭૦માં સ્થાપના બિસ્મિલ્લાહ જ્યુસ સેન્ટર તરીકે ફરીથી સ્થાપિત થઈ, જે તેની સફરમાં એક નવો અધ્યાય હતો. વર્ષોથી, બ્રાન્ડનો વિકાસ થતો રહ્યો અને આખરે બી'ક્રીમીની ઓળખ બની, તેના પ્રતિષ્ઠિત થિકશેક્સ અને આનંદદાયક ડિઝર્ટ્સ આસપાસ તેની પ્રતિષ્ઠા બનાવી. સુરતમાં શરૂ થયેલી વસ્તુ આજે ૩૦થી વધુ શહેરોમાં ૭૦થી વધુ આઉટલેટ્સ સાથે બ્રાન્ડમાં વિકસ્યું છે. થિકશેક્સ અને મિલ્કશેક્સથી લઈને આઈસ્ક્રીમ, ફાલુદા, લસ્સી, સન્ડે અને અન્ય ડિઝર્ટ્સ સુધી, બી'ક્રીમી હવે વિવિધ સ્વાદ અને પ્રસંગો માટે ૨૫૦+ જાતો ઓફર કરે છે.

ધી સુરત જરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના હોદ્દેદારોની વરણી

સુરતઃ ધી સુરત જરી મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના સન ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે બિપીનચંદ્ર જરીવાલા, ઉપપ્રમુખ તરીકે ઓજસ દાળીયા, માનદ મંત્રી તરીકે વિરલ ગીલીટવાલા અને ખજાનચી તરીકે સંદીપ રાણા જવાબદારી સંભાળશે. એસોસિએશન જરી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના પ્રશ્નો ઉકેલવા, વેપારીઓ અને ઉત્પાદકો વચ્ચે સંકલન વધારવા તેમજ ઉદ્યોગના વિકાસને વેગ આપવા સક્રિય કામગીરી કરશે.

વેસ્ટ ઝોન શોટગન શૂટિંગમાં સુરતના પુનિત લાલવાણીને બ્રોન્ઝ મેડલ

સુરતઃ સુરતના શૂટર પુનિત સુનીલકુમાર લાલવાણીએ ભોપાલ ખાતે યોજાયેલી 13મી વેસ્ટ ઝોન શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપમાં પુનિતે ડબલ ટ્રેપ-NR કેટેગરી (ઓપન એજ) માં બ્રોન્ઝ મેડલ મેળવીને નેશનલ લેવલની સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું છે. આગામી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પુનિત ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ચાર દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાના શૂટર્સે ભાગ લીધો હતો.

સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડિંગ મટિરિયલ મર્ચન્ટ એસો. દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

સુરતઃ શહેરમાં રક્તની અછત વચ્ચે સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડીંગ મટિરિઅલ મર્ચન્ટ એસો. દ્વારા લોકસમર્પણ રક્તદાન કેન્દ્ર, વરાછા ખાતે 6ઠ્ઠી રક્તદાન મહાશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 8:00થી સાંજે 5:30 વાગ્યા સુધી યોજાયેલી આ શિબિરમાં સુરતના વેપારીઓ, હોલસેલર્સ, ડીલર્સ, રિટેલર્સ, તેમના પરિવારજનો તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.એસો.ના ચેરમેન રમેશભાઈ ભૂટાણી, પ્રમુખ કિરીટભાઈ પટેલ, સેક્રેટરી દિલીપ પટેલના નેતૃત્વમાં યોજાયેલી આ શિબિરમાં કુલ 284 યુનિટ રક્તનું દાન થયું હતું.

એલપી સવાણી રોડ પર અજગરનું બચ્ચું મળી આવ્યું

વાસુપૂજ્ય રેસિડેન્સીમાં કોઇ વાહનમાં આવી ગયુ હોવાની શક્યતા

સુરતઃ અડાજણ સ્થિત એલ.પી. સવાણી સ્કૂલ નજીક વાસુપૂજ્ય રેસિડેન્સીમાં ગુરુવારે રાત્રે ભારતીય અજગરનું બચ્ચું દેખાતા સ્થાનિકોમાં થોડા સમય માટે દોડધામ મચી હતી. રાત્રે 8:56 વાગ્યે અજગર દેખાયો હોવાની જાણ સુરત સિટી સ્નેક રેસ્ક્યુ ટીમને કરવામાં આવતા ટીમના સ્વયંસેવકો સ્થળ પર પહોંચી ગયા હતા.

સોસાયટીમાં તપાસ કરતા ભારતીય રોક પાઈથોન એટલે કે ભારતીય અજગરનું બચ્ચું મળી આવ્યું હતું. સ્નેક રેસ્ક્યુ ટીમે જરૂરી સાવચેતી રાખીને અજગરના બચ્ચાને સુરક્ષિત રીતે પકડી લીધું હતું. ત્યારબાદ તેને વનવિભાગને સોંપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સમયસર રેસ્ક્યુ થતાં રહેણાંક વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. સર્પ નિષ્ણાંતે જણાવ્યું હતું કે ભારતીય અજગર વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ સંરક્ષિત પ્રાણી છે. આવા વન્યજીવને મારવું કે હેરાન કરવું કાયદેસર ગુનો બની શકે છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારમાં સાપ કે અજગર દેખાય ત્યારે લોકોએ ગભરાઈને તેને મારવાનો પ્રયાસ કરવાને બદલે તાત્કાલિક સ્નેક રેસ્ક્યુ ટીમ અથવા વનવિભાગનો સંપર્ક કરવો જોઈએ.અડાજણ જેવા ગીચ રહેણાંક વિસ્તારમાં ભારતીય અજગરનું બચ્ચું મળી આવવું સામાન્ય ઘટના નથી. પ્રાથમિક રીતે આ અજગરનું બચ્ચું કોઈ વાહન મારફતે આ વિસ્તારમાં આવ્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. રેસ્ક્યુ ટીમની સમયસર કામગીરીને કારણે અજગરને સુરક્ષિત રીતે બચાવી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો.

સમૂહમાંથી વિખૂટી પડી ગયેલી ઢેલનું ફાયર બ્રિગેડે રેસ્ક્યુ કર્યું

પાંડેસરાની શાંતિનગર સોસાયટીના મકાનમાં શુક્રવારે બપોરે એક ઢેલ આવી પહોંચતાં ભારે કુતૂહલ સર્જાયું હતું. ફાયર કંટ્રોલને તેની જાણ કરાતાં ભીમરાડ ફાયર સ્ટેશનના કાફલાએ સ્થળ ઉપર પહોંચી તેનું સલામત રેસ્ક્યુ કરી લીધું હતું. ફાયર સબ ઓફિસર જયેશ લાડે જણાવ્યું હતું કે, શુક્રવારે બપોરે તેમને 12 કલાકે કોલ મળ્યો હતો. આથી અમારી ટીમ તુરંત જ ઘટના સ્થળ ઉપર દોડી ગઈ હતી. આ ઢેલ શાંતિનગર સોસાયટીના મકાન નં-205ના બાથરૂમમાં જઈને સંતાઈ ગઈ હતી. પહેલાં ઘરના સભ્યોએ તેને બહાર લઈ આવ્યા હતા, પરંતુ ગભરાઈ ગયેલી ઢેલ ફરી પાછી બાથરૂમની અંદર જઈ સંતાઈ ગઈ હતી. બાદ ફાયર બ્રિગેડની ટીમે તેના મોં અને શરીર ઉપર રૂમાલ ઓઢાડી રેસ્ક્યુ કરી લીધું હતું. વધુમાં ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે મોર (ઢેલ) એવાં પક્ષીઓ છે કે, હંમેશાં તેમના સમૂહમાં જ રહેવાનું પસંદ કરે છે. અમારી ટીમે તેને સરથાણા વિસ્તારમાં આવેલા ખુલ્લા ખેતરોમાં છોડી હતી. જ્યાં અન્ય મોર રહે છે. જેથી તે તેમની સમૂહમાં ભળી જાય.

વિસર્જન માટે 21 કૃત્રિમ તળાવો બનશે

સુરતમાં તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ અંતર્ગત નદીમાં મૂર્તિ વિસર્જન પર પ્રતિબંધ લદાયો હોય, મનપા દ્વારા 9 ઝોનમાં 21 કૃત્રિમ તળાવો બનાવાશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે શહેરના વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવોનું નિર્માણ કરવામાં આવે છે. આ વર્ષે પણ ગણેશ વિસર્જન 2026 અંતર્ગત શહેરના તમામ ઝોન વિસ્તારમાં પર્યાવરણપુરક વ્યવસ્થા ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. આ વર્ષે સુરત મનપા દ્વારા શહેરના કુલ 9 ઝોનમાં અલગ-અલગ 21 સ્થળો પર કૃત્રિમ તળાવો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

કયા ઝોનમાં કયા-કયા સ્થળે કૃત્રિમ તળાવ બનશે

વરાછા ઝોન - બી:
1. ટી.પી.એસ. નં. 21 (સરથાણા-સીમાડા), એફ.પી. નં. 147, ગૌરવ સેનાની ભવન પાસે, સીમાડા
2. ટી.પી.એસ. નં. 25 (મોટા વરાછા), ઓ.પી. નં. 65, બ્લોક નં. 490, રામ ચોક પાસે, મોટા વરાછા
કતારગામ ઝોન:
3. ટી.પી.એસ. નં. 19 (કતારગામ), એફ.પી. નં. 199, લંકા વિજય ઓવારા
4. ટી.પી.એસ. નં. 26 (સિંગણપોર), એફ.પી. નં. 125, ડી-માર્ટ પાસે
5. કોસડ H-5 આવાસ પાસે
6. ટી.પી.એસ. નં. 51 (ડભોલી), એફ.પી. નં. 201, વણઝારા વાસ પાસે
રાંદેર ઝોન:
7. ટી.પી.એસ. નં. 46 (જહાંગીરપુરા), એફ.પી. નં. 94, પરિશ્રમ પાર્ક પાસે
8. ટી.પી.એસ. નં. 74 (પાલ), એફ.પી. R-3, આર.ટી.ઓ. પાસે
9. રામજી ઓવારો, અડાજણ ગામ ડેપો પાસે
અઠવા ઝોન:

10. ટી.પી.એસ. નં. 8 (પાલનપોર), એફ.પી. નં. 120, પાલનપોર કેનાલ રોડ, નક્ષત્ર વ્યુ સામે
11. ટી.પી.એસ. નં. 7 (વેસુ-મગદલ્લા), એફ.પી. નં. 129, નંદિની-3 એપાર્ટમેન્ટ સામે, વી.આઈ.પી. રોડ, વેસુ ટી.પી.એસ. નં. 6 (વેસુ), એફ.પી. નં. 73, વાસ્તુગ્રામ એપાર્ટમેન્ટ પાસે
12. કડી ફળિયું, ડુમસ ગામ (2 તળાવ)
સેન્ટ્રલ ઝોન:
13. ડક્કા ઓવારો, ક્વોલિટી રેસ્ટોરન્ટ પાસે, ગાંધી બાગ પાછળ (ગણેશ વિસર્જન)
14. ડક્કા ઓવારો, ક્વોલિટી રેસ્ટોરન્ટ પાસે, ગાંધી બાગ પાછળ (દશામા વિસર્જન)
ઉધના ઝોન - એ:
15. ટી.પી.એસ. નં. 6 (મજુરા-ખટોદરા), એફ.પી. નં. 378, ખરવરનગર જંક્શન પાસે
16. ટી.પી.એસ. નં. 22 (ભેસ્તાન), એફ.પી. નં. 71, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે, સર્ગમ નાગર સોસાયટી બાજુમાં
ઉધના ઝોન - બી:
17. સી.ઓ.પી. નં. 3, સચિન સુડા સેક્ટર-3 ખાતે
વરાછા ઝોન - એ:
18. ટી.પી.એસ. નં. 20 (પૂણા), એફ.પી. નં. 192, ક્રિસ્ટલ પ્લાઝા પાસે, સિલ્વર ચોક પાસે
લિંબાયત ઝોન:
19. ટી.પી.એસ. નં. 61 (પર્વત-ગોડાદરા), એફ.પી. નં. 129, મહર્ષિ આસ્તિક સ્કૂલ કેમ્પસ, આસપાસ ચાર રસ્તા, ગોડાદરા
20. ટી.પી.એસ. નં. 41 (ડિંડોલી), એફ.પી. નં. 43, નવાગામ ડિંડોલી સી.એન.જી. પંપથી નંદનવન રો હાઉસ રોડ
21. ટી.પી.એસ. નં. 19, એફ.પી. નં. 110, પર્વત મગોબ, રાજ ટેક્સટાઈલ બાજુમાં

આજે આઝાદીનું પર્વ, વિભાજનની વેદના વેઠી હોય તે જ જાણે

ઘર-જમીનો છોડી અમે પાકિસ્તાનથી પોરબંદર આવ્યા: કિશન લાલવાણી

સિંધ પ્રાંતમાં અમારી કરિયાણાની દુકાન,ખેતી અને સમૃદ્ધ ઘર હતું

સુરત : આવતીકાલે ભારતમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવશે પરંતુ દર વર્ષે સ્વાતંત્રય પર્વે ભારત-પાકિસ્તાનના વિભાજનની વેદના વેઠનારની વ્યથા બહાર આવી જ જાય છે.

ભાગલા પહેલા પાકિસ્તાનમાં રહેતા અને હાલમાં સુરતમાં રામનગરમાં રહેતા વિભાજનના પ્રત્યક્ષ દર્શિય 94 વર્ષના કીશનચંદ ચોઈથરામ લાલવાણીએ વિભાજનના ભયંકર દિવસો યાદ કરતા જણાવ્યું હતું કે, બટવારાના દિવસે હું 15 વર્ષનો હતો. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં અમારી કરિયાણાની દુકાન,ખેતી અને સમૃદ્ધ ઘર હતું.14 ઓગસ્ટ 1947ના રોજ માહોલ જેમ જેમ ખરાબ થવા લાગ્યો લોકો હાથમાં જે આવ્યું એ લઈ નજીકના બંદરો અને રેલવે સ્ટેશને દોડ્યા,સિંધમાં જે હતું એ છોડી અમે પરિવાર સાથે નજીક આવેલા બંદરે જેમ તેમ પહોંચ્યા. અમને માહિતી મળી કે, જહાજ ભારતના પોરબંદર જવાનું છે. અમે ઢોર-ઢાંખર,ખેતી,મકાન,દુકાન બધું છોડી થોડાક રૂપિયા અને જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથે પોરબંદર પોર્ટ પર ઉતરી ભારત સરકારે લગાવેલા ટેન્ટમાં આશરો લીધો.

94 વર્ષના કીશનચંદ ચોઈથરામ લાલવાણી કહે છે કે, થોડી મૂડી બચાવી લાવ્યા હતા એનાથી અમે પોરબંદરમાં પ્રારંભમાં પીપરમેન્ટ,બેકરીની વ્યવસાય કર્યો, એ પછી રેકડી પર ફરી કાપડનો વેપાર શરૂ કર્યો,એ રીતે પોરબંદરમાં કાપડની ત્રણ દુકાનો ચાલતી હતી.

બીજી તરફ 70 ના દાયકામાં સુરત ટેકસટાઈલ સિટી તરીકે આગળ વધી રહ્યું હોવાથી વર્ષ 1974 માં સુરતના રામનગરમાં વસવાટ કરવાનું નક્કી કર્યું. કીશનચંદ ચોઈથરામ લાલવાણીના પુત્ર હરીશ લાલવાણી કહે છે કે,પોરબંદરમાં રાજવી વસ્ત્ર ભંડાર જાણીતી પેઢી બની હતી.કાપડની દુકાનોમાં સફળતા મળતા પરિવાર 1974 માં સુરતમાં કાપડનો વ્યાપાર કરવા આવ્યો હતો.

મનપામાં આસિસ્ટન્ટ ટાઉન પ્લાનરની પરીક્ષા મુલતવી રખાઈ: લાયકાતમાં સુધારો થશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના રિક્રુટમેન્ટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા ઓફિશિયલ પરિપત્ર (ક્રમાંકઃ પી.આર.ઓ./૭૩૯, તા. ૧૧/૦૩/૨૦૨૬) મુજબ કુલ ૭ સંવર્ગની સીધી ભરતી માટે તા.૨૩/૮/૨૦૨૬ના રોજ લેખિત પરીક્ષાનું આયોજન કરાયું હતું. જોકે, બદલાયેલી પરિસ્થિતિમાં માત્ર 'આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર' સંવર્ગની પરીક્ષા જ પાછી ઠેલવામાં આવી છે, જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર સિવાયના અન્ય બાકી રહેતા